## વડીલોને વંદન અભિનંદન

શ્રીમતી અંજનાબેન ધીમંત ભટ્ટ
(૧૯૬૧) ફોન : ૨૩૨ ૮૮૫૦૩

## જિલ્લા કલેકટરશ્રી દ્વારા કેરોસીનના દર અને કમિશન નક્કી કરાયું

મહેસાણા, તા.૩

ધી કેરોસીન રીસ્ટ્રીકશન ઓફ યુઝ એન્ડ ફીકસેશન ઓફ સીલીંગ પ્રાઈસ એકટ ૧૯૯૩ અંતર્ગત જિલ્લા કલેકટર દ્વારા છુટક વિક્રેતા અને કેરોસીન ફેરીયાનું કમિશન એક કિલો લીટર દીઠ રૂપિયા ૫૬ નક્કી કરવામાં આવ્યુ છે તેમજ કેરોસીનના છુટક વિક્રેતાઓને એક કિલો લીટર દીઠ રૂપિયા ૫૪ અધર એકસ્ટ્રા ઓર્ડીનરી ચાર્જીસ તરીકે આપવા કેરોસીન ડીલર્સના કમીશન એક કિલો લીટર દીઠ રૂપિયા ૧૮૦.૩૦ ઉમેરવા જણાવેલ છે બાંધેલા ભાવથી ડીલર, છુટક વિક્રેતા કે ફેરીયો અલગ ભાવ લઈ શકશે નહીં, જિલ્લાના તમામ તાલુકાઓ તેમજ કુકરવાડા સહિત કેન્દ્રો પર ૧ લિટર કેરોસીન વેચાણ કરવાનો ગ્રાહકનો ભાવ ૧૪ રૂપિયા અને ૯૦ પૈસા રહેશે. આ ભાવો ૧ ઓગષ્ટ ૨૦૧૪થી અમલમાં રહેશે.

# ચિલોડામાં કાદવ-કિચડ-ગંદકીના કારણે ઋતુજન્ય બિમારીનું પ્રમાણ વધ્યું

**ઠેર ઠેર કચરો અને પ્લાસ્ટીકના ઢગ ખડકાયેલા છે : વરસાદી પાણીના ખાબોચીયામાં માખી-મચ્છરનો ઉપદ્રવ : દવાખાના દર્દીઓથી ઉભરાયા : આરોગ્યતંત્ર સત્વરે પગલા લે તેવી માંગ**

ગાંધીનગર, તા. ૩

ચિલોડાના મુખ્ય બજારમાં તાજેતરમાં પડેલ વરસાદના કારણે પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે. અને ઠેર ઠેર કાદવ-કિચડનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. આ ગંદકી ફેલાવાથી માખી-મચ્છર જેવા રોગજન્ય જીવજંતુઓનો પણ ઉપદ્રવ વધી જવા પામ્યો છે. અને તેના કારણે લોકો નાની-મોટી બિમારીનો ભોગ બની રહ્યાં છે. ચિલોડા બજારમાં આસપાસના વિસ્તારોના લોકોની મોટી અવરજવર હોવાથી આ ગંદકીના કારણે રોગચાળો ફેલાય તેવી ભીતિ સેવાઈ રહી છે. માટે તંત્રએ તાકીદે પગલાં ભરવાની જરૂરિયાત જણાઈ રહી છે.

ચિલોડાના મુખ્ય સ્થળો જેવા કે હાઈવે પરનું સર્કલ, બસ સ્ટેન્ડ, મુખ્ય બજાર, શાકમાર્કેટ, સર્વિસ રોડ અને ખાણીપીણી બજારમાં જ્યાં જુઓ ત્યાં ગંદકી અને કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે. એક તરફ છેલ્લા અઠવાડિયામાં વરસેલા સારા વરસાદને કારણે પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે. તો બીજી તરફ ઠેર ઠેર પ્લાસ્ટીકની બેગો અને અન્ય કચરાને કારણે અત્ર-તત્ર-સર્વત્ર કાદવ-કિચડ અને ગંદકી જ દેખાઈ રહી છે. રાહદારીઓને ચાલવુ પણ મુશ્કેલ થઈ પડે તે રીતે બજારમાં અસ્વચ્છતા ફેલાયેલી છે. જેના કારણે માખી-મચ્છર જેવા રોગજન્ય જંતુઓનો ઉપદ્રવ પણ ખુબ વધી ગયો છે. એસ.ટી. બસ પોઈન્ટ, નવા કોમ્પલેક્ષો આગળ અને સાદરા તરફના રસ્તે પણ આ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે.

ચિલોડા એ હાઈવે પરનું મહત્વનું સ્થળ હોઈ તેમજ આસપાસના ગામોના લોકો માટે ખરીદીનું મુખ્ય સ્થળ હોઈ અહીં દરરોજ અસંખ્ય માણસો અને વાહનોની અવરજવર રહે છે. હાઈવે પરના સર્કલ પાસે લકઝરી બસો અને એસટી બસોના મુસાફરોને મગફળી, ફળો અને વિવિધ ખાણીપીણી ચીજવસ્તુઓ તેમજ પાણીના પાઉચ વેચતા ફેરિયાઓની ભરમાર લાગે છે.

મુસાફરો દ્વારા આ બધી વસ્તુઓનો ઉપયોગ કરી તેના કાગળ, પ્લાસ્ટીકની કોથળીઓ અને પાણીના પાઉચ રોડ પર જ જેમ તેમ ફેંકી દેવામાં આવે છે. જેના કારણે પણ ખૂબ ગદંદકી ફેલાઈ રહી છે. આ ગંદકીના કારણે કોઈ મોટો રોગચાળો ના ફેલાય તે માટે આરોગ્ય તંત્રએ સત્વરે પગલાં લેવાની તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૩

જતીનભાઈ રાધેશ્યામભાઈ બ્રહ્મભટ્ટના ભાઈ ધર્મેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટ (માતર) તાજેતરમાં અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું આજરોજ સોમવાર સાંજે ૪.૦૦ થી ૬,૦૦ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન સે-૨૨, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૨, પંચદેવ મંદિર પાસે ગાંધીનગર ખાતે રાખેલ છે.

# ગાંધીનગર જિલ્લામાં વિવિધ વિકલાંગતા ધરાવતા ૧૭૧૧ બાળકો

**કુલ ૧૧ પ્રકારની વિકલાંગતા ધરાવતા બાળકોનો સમાવેશ જેમાં ૫૫૭ બાળકો સાથે ગાંધીનગર તાલુકો મોખરે : દહેગામ તાલુકામાં તાજેતરમાં સાતમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીને મોતિયાનું ઓપરેશન કરાવ્યું : કેન્દ્ર સરકારે પણ પ્રતિ બાળક મળતી સહાય ૩૦૦૦ થી ઘટાડીને ૨૪૦૦ કરી**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત રાજ્ય હાલ ગતિશીલ વિકાસના પંથે દોડી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા નાગરિકોની સુખાકારીમાં વધારો થયો હોવાના દાવા પણ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં ધોરણઃ૧ થી ૮ માં સરકારી શાળાઓમાં ભણતા બાળકોમાં કુલ ૧૭૧૧ બાળકો વિવિધ પ્રકારની વિકલાંગતાનો શિકાર હોવાનું જાણવા મળેલ છે. આ બાળકોમાં ૧૦૩૪ છોકરાઓ અને ૬૭૭ છોકરીઓનો સમાવેશ થાય છે. આ બાળકોમાં ગાંધીનગર તાલુકાના ૫૫૭, દહેગામ તાલુકાના ૪૨૦, કલોલ તાલુકાના ૪૪૪ અને માણસા તાલુકાના ૨૯૦ બાળકોનો સમાવેશ થાય છે. તાજેતરમાં દહેગામ તાલુકામાં સાતમા ધોરણમાં ભણતા એક બાળકને મોતિયાનું ઓપરેશન કરાવવામાં આવ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારના બાળકોની સારવાર ખર્ચ પેટે રૂપિયા ૩૦૦૦ આપવામાં આવતા હતા તે પણ હવે ઘટાડીને રૂપિયા ૨૪૦૦ પ્રતિ બાળક કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોમાં કુલ ૧૧ પ્રકારની વિકલાંગતાઓ અંગેના ચોંકાવનારા આંકડા મળ્યા છે. આ ૧૧ વિકલાંગતાઓમાં સ્વલીનતા, મગજનો લકવો, કાનની બહેરાશ, શીખવાની અક્ષમતા, શારિરીક ખોડખાંપણ, માનસિક ક્ષતિ (મંદબુદ્ધિ), બહુ વિકલાંગતા, તોતડાપણું, આંખની ખામી (સંપૂર્ણ અંધ) અને આંશિક અંધનો સમાવેશ થાય છે. આ બાળકોમાં સૌથી વધુ માનસિક ક્ષતિ ધરાવતા બાળકો જણાયા છે. જેની સંખ્યા કુલ ૫૬૧ છે. જેમાં છોકરાઓ ૩૫૫ અને છોકરીઓ ૨૦૬ ની સંખ્યામાં છે. ત્યારબાદ શારિરીક ખોડખાંપણ ધરાવતા ૪૦૪ બાળકો છે. જેમાં ૨૪૩ છાકરાઓ અને ૧૬૧ બાળકીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અંશતઃ અંધ બાળકો ૨૨૭, શીખવાની અક્ષમતા ધરાવતા ૧૪૫ બાળકો, તોતડાપણું ધરાવતા ૧૧૦ બાળકો, કાનની બહેરાશ ધરાવતા ૧૦૮ બાળકો અને બહુ વિકલાંગતા ધરાવતા ૮૭ બાળકો નોંધાયા છે. વળી, સંપૂર્ણ અંધ બાળકો કુલ ૪૪, મગજનો લકવો ધરાવતા ૧૪ બાળકો અને સ્વલીનતાના લક્ષણો વાળા ૧૧ બાળકો પણ સમાવિષ્ટ છે. સ્વલીનતા એ બાળકનું વધુ પડતું એકાકીપણુ એટલે કે માત્ર પોતાનામાં જ લીન રહેવુ તે એક વિકલાંગતાનો પ્રકાર ગણાય છે. હિન્દી ફિલ્મ 'તારે જમીં પર'માં આ પ્રકારની વિકલાંગતા ધરાવતા બાળકને કેન્દ્રમાં રાખીને ફિલ્મ બનાવવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા અને જિલ્લા તંત્ર દ્વારા નાગરિકોના આરોગ્ય અને સુખાકારીમાં વધઆરો થયો હોવાના બણગાં અનેકવાર ફુંકવામાં આવે છે તેમજ જિલ્લામાં કુપોષણનું પ્રમાણ ઓછુ હોવાના દાવા કરાય છે. પરંતુ સમગ્ર જિલ્લામાં બાળકોમાં આ વિકલાંગતા કુપોષિત બાળકોનો બોલતો પુરાવો છે. ગાંધીનગર તાલુકાની વાત કરીએ તો સૌથી વધુ કુલ ૫૫૭ બાળકો આ પ્રકારની વિકલાંગતાના શિકાર છે. જેમાં માનસિક ક્ષતિ ધરાવતા ૧૮૨ બાળકો અને શારિરીક વિકલાંગતા ધરાવતા ૧૩૧ બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આંશિક અંધાપો ધરાવતા ૬૮ બાળકો, શીખવાની અક્ષમતા ધરાવતા ૬૪ બાળકો અને કાનની બહેરાશ ધરાવતા ૩૨ બાળકો પણ આમાં સામેલ છે.

દહેગામ તાલુકામાં હમણા તાજેતરમાં જ માત્ર સાતમાં ધોરણમાં ભણતા એક બાળકનું મોતિયાનું ઓપરેશન કરવામાં આવ્યું છે. ગત વર્ષે જિલ્લામાં આઠણા ધોરણથી નિચેના બાળકોમાં ૪ બાળકોને મોતિયા બિંદુના ઓપરેશન કરવામાં આવ્યા હતા. જિલ્લા આરોગ્ય તંત્ર અને રાજ્યના બાળ આરોગ્ય વિભાગ દ્વારા બાળકોમાં વધતી જતી વિકલાંગતા પ્રત્યે ગંભીર નોંધ લઈ સત્વરે પગલાં લેવામાં આવે તેમજ લાંબા ગાળાનું કાર્યક્ષમ આયોજન હાથ ધરવામાં આવે તો દેશનું ભવિષ્ય જેમના હાથમાં છે તેવી આવનારી પેઢીને વધુ તંદુરસ્ત અને વૈશ્વિક હરિફાઈમાં સક્ષમ બનાવી શકાય તેમ છે. કુપોષણ પ્રત્યે હવે સરકારે માત્ર જાહેરાતો કરતા વધુ અસરકારક નીતિઓ બનાવી તેનો કડકપણે અમલ કરાવવાની તાતી જરૂરિયાત જણાઈ રહી છે.

## પાણી સમિતિઓને

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વનિર્ભરતા પ્રોત્સાહક અનુદાન અને સન્માન પુરસ્કાર એનાયત કરવામાં આવનાર છે.

રાજ્યની વિવિધ પંચાયતોમાં ૭૪,૧૧૪ મહિલાઓ પાણી સમિતિની સભ્ય હોવાની સાથે પાણીના કામના આયોજન, અમલીકરણ, લોકફાળો, પાણીવેરો ઉઘરાવવા તથા સ્થાનિક લોકોના સંગઠન દ્વારા કોઈપણ પ્રશ્ન હલ કરવાની સક્રિય જવાબદારી નિભાવી રહેલ છે.

રાજ્યમાં ૨૬૧૦ પાણી સમિતિમાં મહિલાઓ ૫૦ ટકાથી પણ વધુ પ્રતિનિધિત્વ ધરાવે છે. સંપૂર્ણ મહિલા સભ્યોની પ્રતિનિધિત્વ ધરાવતી ૭૧ પાણી સમિતિઓ છે. જે પૈકીની ૧૩ પાણી સમિતિ ગાંધીનગરમાં છે.

ગ્રામ પંચાયતના સરપંચ મહિલા હોય તેવી ગ્રામ પંચાયત પૈકી પાણી સમિતિના અધ્યક્ષ મહિલા હોય તેવી પાણી સમિતિના ગામોની સંખ્યા ૫૬૦૫ છે.

મહિલા સરપંચ ના હોય પરંતુ પાણી સમિતિના અધ્યક્ષ મહિલા હોય તેવી પાણી સમિતિ ધરાવતા ગામોની સંખ્યા ૧૦૨ છે.

રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૧૪ ના બજેટમાં રાજ્યમાં ૧૦૦ ટકા મહિલા સભ્યો ધરાવતી નવી પાણી સમિતિઓના પ્રોત્સાહન પેટે પ્રતિ પાણી સમિતિ દીઠ રૂ. એક લાખ તદુપરાંત જૂની પાણી સમિતિઓ માટે રૂ. ૨૫ લાખની જોગવાઈ કરવી છે તે ઉલ્લેખનીય છે.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ સશક્તિકરણના કાર્યક્રમમાં રાજ્યના જળ સંપતિ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા તથા રાજ્યમંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેનાર છે.

રાજ્ય સરકાર દ્વારા આ નવી પહેલ કરવામાં આવી રહી છે. પાણીને પ્રભુનો પ્રસાદ માની તેનો કરકસરપૂર્ણ ઉપયોગ કરવા મહિલાઓને જાગૃત કરવાની દિશામાં આ મહત્વનું કદમ બની રહેશે.

## વાવણીનો 'મૂડ ઓફ'

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણવા મળતી વિગતો પ્રમાણે વરસાદ પછી વરાપ ન મળવાને કારણે હજુ વાવણીનો મૂડ જામતો નથી. કપાસનું વાવેતર અત્યાર સુધીમાં સૌથી વધુ થયું છે જે ૨૯,૬૫૭ હેકટર છે.

ડાંગર, બાજરી, ગુવાર અને દિવેલાનું વાવેતર જળવાઈ રહેશે તેવું ખેડૂતોનું કહેવું છે. જો કે આ વખતે જિલ્લામાં મગફળીના વાવેતરનો ઉત્સાહ સારો છે. જિલ્લામાં ૨૫૭૭ હેકટરમાં મગફળીનું વાવેતર થયું છે અને હજુ આ વિસ્તાર વધશે.

આ વખતે શાકભાજીના વાવેતરમાં ખેડૂતોનો ઉત્સાહ પણ વધ્યો છે. જિલ્લામાં ૬૪૨૦ હેકટર વિસ્તારમાં શાકભાજીના પાકોનું વાવેતર થયું છે. જેમાં ગાંધીનગર અને દહેગામમાં વધુ થયું છે જયારે કલોલ અને માણસામાં પ્રમામ ઓછું જણાયું છે. આ વખતે ગાંધીનગરના પૂર્વ વિસ્તારમાં ભીંડાના પાકમાં આવેલા વિચિત્ર રોગચાળાથી ખેડૂતો ચિંતાતુર છે.

જિલ્લામાં આ ખરીફ ઋતુમાં ફુલવાળા પાકોનું વાવેતર હજુ સુધી નોંધાયુ નહિ હોવાનું જાણવા મળેલ છે. દિવેલામાં હજુ ધીમી ગતિએ વાવેતર થઈ રહ્યું છે.

જિલ્લામા આ વર્ષે ૧,૬૪,૯૫૪ હેકટર વિસ્તારમાં વિવિધ પાકોનું વાવેતર થશે તેવા અંદાજો તંત્ર એ શરૂઆતમાં રાખ્યા હતા. હજુ જિલ્લામાં ૬૬,૩૩૯ હેકટરમાં વાવેતર થયું છે.જો કે હજુ વાવણી થશે તેવો આશાવાદ તંત્રને છે તંત્રના સૂત્રો સારું વાવેતર થશે એવો આશાવાદ વ્યકત કરી રહ્યા છે.

## ગાડી ઘરમાં ઘુસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘુસાડી દીધી હતી. રસ્તા પરથી ડીવાઈડર કુદાવીને બંધ મકાનની દિવાલ તોડી નાંખી મકાનમાં ગાડી નાંખી દીધી હતી. આ અકસ્માતમાં ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થઈ હતી. સદ્‌ભાગ્યે કોઈ મોટુ નુકશાન કે જાનહાનિ આ અકસ્માતમાં થવા પામી ન હતી. ઘટના બાદ ગાડી મુકીને ડ્રાઈવર ભાગી ગયો હતો અને સ્થળ પર ટોળે-ટોળા ભેગા થઈ ગયા હતા.

## પેટા ચૂંટણીઓ યોજાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બેઠકો પર એડીચોટીનું જોર લગાવી ભાજપ પાસેથી આંચકી લેવાય તેવા પ્રયાસો કરશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે મહારાષ્ટ્ર અને અન્ય રાજ્યોની સામાન્ય ચૂંટણીઓ સાથે આ પેટા-ચૂંટણીઓ યોજાશે તેવી ગણતરી હાલ રાજકીય પક્ષો રાખી રહ્યા છે.

## કલ્પતરૂમાં ઉજવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યારે ધીરૂભાઈ પટેલના તેઓ નાના ભાઈ છે. આજે સમગ્ર ગાંધીનગરના લોકો આપણા શહેરના જન્મ દિવસને મનાવવા 'ઘંટારવ' કરી, આતશબાજી કરી, ગરબા-ડાન્સ દ્વારા ઝુમી રહ્યા છે. એવામાં ગાંધીનગર શહેરનું અવિભાજ્ય અંગ બનેલી ૩૦ વર્ષથી ઔદ્યોગીક ક્ષેત્રે રાજ કરતી કલ્પતરૂ કંપની કેવી રીતે બાકાત રહી શકે ? દર મહિને પોતાના સ્ટાફનો બર્થ ડે કેક કાપી સેલિબ્રેટ કરે. આજે એમણે ગાંધીનગરના ૫૦ મા સ્થાપના દિવસની ખુશીમાં કેક કાપી ઉજવણી કરી.

કલ્પતરૂ કંપનીના ડાયરેક્ટર કમલ જૈન, ડી.બી. પટેલ અને પ્રેસિડેન્ટ ડી.એસ. ગાંધી કે જે સૌ અધિકારીઓ કંપનીની શરૂઆતથી જ સંકળાયેલા છે. તેઓએ એમનાં જૂના સંસ્મરણો વાગોળીને કંપની ક્યાંથી ક્યાં કેવી રીતે પહોંચી એની વાતો કરી હતી. અનેક વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ કલ્પતરૂ કંપનીના કારીગરો અને સ્ટાફના અવિરત પ્રયત્નથી જ કંપની વિશ્વ નામના કમાવી શકી છે.

નરેન્દ્ર મોદીના ગુરૂજીએ આ પ્રસંગે નરેન્દ્ર મોદીના ઘણા નાના નાના પ્રસંગો એમની લાક્ષણીક મુદ્રામાં કહી સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. કલ્પતરૂ એ પારિવારીક ભાવનાથી અને લાગણીના તાંતણે બંધાઈ છે અને એટલે જ શ્રેષ્ઠ છે. 'હેપ્પી બર્થ ડે ગાંધીનગર' ના ગીત સાથે ગોરધનભાઈ પટેલ, ડી.બી. પટેલ, કમલ જૈન, ડી.એસ. ગાંધીએ કેક કાપી સૌનું મો મીઠું કરાવ્યું હતું.

કલ્પતરૂના સભ્ય અને ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે 'તસવીર એ ગાંધીનગર' જેવી કેટલીયે જાણવા જેવી ગાંધીનગરની વાતો કરી જેમણે આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે પંકજ પટેલ, તેજ કોઠારી, નિકુંજ શુકલા અને સાત્વિક ત્રિવેદી કે જેઓ જેસીઆઈ પ્રમુખ પણ છે એમણે આ સમગ્ર કાર્યક્રમ ખુશી ખુશી વધાવી લીધો.

ગાંધીનગરને પોતાનું વતન બનાવી ઔદ્યોગીક ક્ષેત્રે વિશ્વ નામના મેળવનાર કલ્તરૂપ કંપની અને એના પરિવારે પણ આપણા શહેર ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિનની ઉજવણી કરી તેઓ પણ શહેરના અનન્ય ભાગ છે એવી પ્રતિતિ કરાવી હતી.

## વસાહતીઓ ત્રાહિમામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આખલાઓનો ત્રાસ પીડાદાયક બની રહે છે. ત્યારે આમાંથી કોણ ઉગારશે ?

સેક્ટર-૨ માં તંત્રની ઢીલાશના પરિણામે ઝૂંપડપટ્ટીનું દૂષણ પણ ફાલી રહ્યું છે. સરકારી દવાખાના પાસેના વન વિભાગના ફેન્સીંગ કરેલા પ્લોટમાં એક પછી એક દબાણો વધી રહ્યા છે. તેમ જ સરકારી દવાખાનાની સામે જ, બગીચાનો કોર્નર કે જ્યાં ટોરેન પાવરનું સબ સ્ટેશન છે તે જગા જાણે કે જાહેર પેશાબખાનુ બની ગયું છે, જેના કારણે જાહેર માર્ગ પરથી જતાં આવતાં મા-બહેનોને ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડે છે.

મહાનગરપાલિકાના આ વોર્ડના ચૂંટાયેલા પ્રતિનિધિઓ જો નિયમિત રાઉન્ડ લેવાનું, સફાઈ કામદારોના કડક ચેકીંગ દ્વારા કામગીરી કરાવવાનું તથા વન વિભાગ-કોર્પોરેશન દબાણ સામે દેખાડા ખાતર નહીં તેવી ઝૂંબેશ ઉપાડે તેવી સૌની માંગણી છે.

## શબ્દાવલી - ૫૪૬૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ |
| ૬ | | | ■ | ૭ | | ■ | |
| | ■ | ■ | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | ■ | ■ | | ■ |
| ■ | | ■ | ૧૨ | ૧૩ | ૧૪ | ■ | ૧૫ |
| ૧૬ | | | ■ | ૧૭ | | ■ | |
| ૧૮ | | ■ | ૧૯ | | | ૨૦ | ■ |
| | ■ | ૨૧ | | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. ઉપકાર, પાડ (૪)
૪. માથુ, શિર (૩)
૬. હિન્દી ફિલ્મોની મશહૂર ડાન્સર (૩)
૭. રવિ, ભાસ્કર (૨)
૮. ... ભવ, વધારે જીવવાના આશીર્વાદ (૫)
૧૦. કુતરુ કરડે કે કંઇ વાગે તો... નું ઇન્જેકશન લેવું પડે (૩)
૧૬. કારોબાર, સોંસરવું (૩)
૧૭. ધૂળનાં કણ (૨)
૧૮. બનાના, એક ફળ (૨)
૧૯. 'માવજત' શબ્દ આડોઅવળો (૪)
૨૧. ભગવાન, કુદરત (૪)
૨૨. ભગવાનની પ્રાર્થના (૨)

### ઊભી ચાવી

૧. અનુભવ, મહેસુસ (૪)
૨. ઘડો, બેડુ (૨)
૩. બુદ્ધિના અર્થમાં, ... ઠેકાણે લાવવી (૨)
૪. માનવ, મનેખ (૩)
૫. વાક્ય, વચન (૨)
૭. ભાઇઓ (૨)
૮. શસ્ત્રો (૩)
૯. મચ્છી, માછલી (૨)
૧૧. રાત્રે દેખી ન શકે તેવું (૪)
૧૩. એક ઐતિહાસિક પાત્ર, અસ્મદ બેગમની દીકરી (૪)
૧૪. એક ધાતુ (૩)
૧૫. સોંઘુ, ઓછા ભાવનું (૨)
૧૬. પાકટ, પાકી ગયેલ (૩)
૧૯. મમ્મીને બહેનને... કહેવાય (૨)
૨૦. ચીજ (૨)

### શબ્દાવલી ૫૪૬૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) સમોવડિયું (૫) કર (૭) મગન (૫) ઝગમગ (૧૦) ભારો (૧૨) રળવું (૧૩) કલમ (૧૫) ભાર (૧૬) જામગરી (૨૦) હનુમાન (૨૧) ગમત (૨૨) કાત (૨૩) સાંબેલુ (૨૪) સુરોખાર

**ઊભી ચાવી :-** (૧) સમભાવ (૨) મોગરો (૩) વન (૪) યુઝ (૫) કમળ (૬) રગવુ (૯) ગર (૧૧) શાલ (૧૩) કરમાયેલું (૧૪) મજા (૧૫) ભાનુ (૧૭) મગતરો (૧૮) ગમ (૧૯) રીતસર (૨૦) હલેસા (૨૨) કાસુ

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન્જેક્ટને સમજવામાં તેમને વધુ સમય નહી લાગે, પણ આ ન્જેક્ટોમાં બ્યુરોક્રેસીને જોડવાનું ઘણું કપરૂં કામ છે...

ગુજરાતની બ્યુરોક્રેસીમાં મોદીના નામનો ભય હતો. મોદી એમ કહે કે આપણે આ કામ ઝડપથી કરવાનું છે એટલે એ કામ પળવારમાં કરી દેનારા ઓફિસરો તેમના સમયમાં મોજૂદ હતા. આજે પણ આ ઓફિસરો છે પણ હકીકતમાં મહાત્મા મંદિરને ૧૮૨ દિવસમાં પૂર્ણ કરવાનો આદેશ કેવળ મોદી જ આપી શકે. ગિફ્ટ સિટીમાં ૨૯ માળના બે બહુમાળી બિલ્ડીગ ૧૮ મહિનામાં પૂર્ણ કરવાનું વચન પાળવા પાછળ મોદીના શબ્દોની તાકાત હતી. રાજયમાં એવા પણ ઓફિસરો હતા કે જેઓએ મોદીના -વચનના શબ્દોને પકડીને કેટલાય ન્જેક્ટ બનાવી દીધા હતા...

**નદીના પાણી આપો, દામ ચૂકવવા તૈયાર છીએ...**

પસાર થયેલા ૪૯ વર્ષમાં ગુજરાતના પાટનગરનો વિકાસ ક્યારેય થંભી નથી ગયો પરંતુ તેજ ગતિએ વધી રહ્યો છે. પહેલા ૩૦ સેક્ટરમાં સમેટાયેલા શહેરને હવે ન્યૂ ગાંધીનગરનો ગુડા વિસ્તાર મળી ચૂક્યો છે કે જયાં ૩૦ હજાર કરતાં વધુની વસતી રહે છે. ગુડા વિસ્તારમાં ગટરલાઈનના કામો પૂર્ણ થયા છે. હવે નર્મદાના પાણી આપવાનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે. ગુડા કહે છે કે નવા વિસ્તારોને પાણી આપવાનો ન્જેક્ટ ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. જો કે આ પાણીના દામ લોકોએ ચૂકવવા પડશે.

જયાં એપાર્ટમેન્ટની સ્કીમો છે ત્યાં બનાવેલી ટાંકીમાં આ પાણીના કનેકશન અપાશે, જયારે ટેનામેન્ટ કે સોસાયટીઓમાં વ્યક્તિગત ધોરણે કનેકશન અપાશે. હાલ આ વિસ્તારમાં લોકો બોરના પાણી પી રહ્યાં છે. પાટનગરના નવા વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન કહે છે કે ભલે રૂપિયા લેવામાં આવે, આપણને બોરની જગ્યાએ ચોખ્ખુ નદીનું પાણી પીવા તો મળી શકશે. પાણી પછી સ્ટ્રીટલાઈટ, રસ્તાની મરામત, ગાર્ડન, ફુટપાથ તેમજ લેન્ડસ્કેપીગનું આયોજન પણ વિચારવામાં આવ્યું છે. જો કે સરકારે મ્યુનિસિપલ કોર્પોરેશનના આગામી ઈલેકશનમાં ન્યૂ ગાંધીનગરના વિસ્તારો સમાવી લીધા હોવાથી આ વિસ્તારને તેના નેતાઓ કોર્પોરેટરના રૂપમાં મળશે...

**માલામાલ થવું હોય તો સરકારી પ્લોટ લઇ લો...**

ગાંધીનગરમાં સરકારી રાહતદરના પ્લોટ લઈને વેચી દેનારાઓની યાદીમાં માત્ર ઓફિસરો કે કર્મચારીઓ જ નથી, આપણા સંસદસભ્યો અને ધારાસભ્યોએ પણ કરોડો રૂપિયા લઈને સરકારી પ્લોટને વેચી માર્યા છે. ગાંધીનગરમાં આ -કારના ૧૦૦૦ થી વધારે દાખલા મોજૂદ છે. ખરીદનારા વર્ગની કમનસીબી છે કે પ્લોટ લાખો રૂપિયામાં ખરીદે છે અને સરકારી નિયમના દરો પણ ખરીદનાર વર્ગને જ ભરવો પડે છે. સરકારી નિતીમાં વેચનારને તગડો ફાયદો છે અને ખરીદનારને નુકશાન છે. ગાંધીનગરમાં હજી એવા ૨૦૦૦?? વધારે પ્લોટ છે કે જેમાં બાંધકામ થયું નથી અને શરતભંગ થયો છે છતાં સરકારના ચોપડે શરતભંગના ખૂબ ઓછા પ્લોટ બોલે છે...

શહેરના સેક્ટર-૧ થી સેક્ટર-૮??? સરકારે આપેલા રહેણાંક, ઔદ્યોગિક, સામાજીક તેમજ શૈક્ષણિક હેતુના પ્લોટમાં શરતભંગના ૫૪૪ કેસ શોધી કાઢવામાં આવ્યા છે. આ તમામને શરતભંગની નોટીસ આપી દેવાઈ છે. છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે માત્ર એક જ પ્લોટ સરકાર હસ્તક કર્યો છે, બાકીના કિસ્સામાં દંડ ભરીને બાંધકામની મંજૂરી આપવામાં આવી છે. આ શરતભંગ તો ઠીક પણ જેમણે પ્લોટ વેચી કાઢ્યા છે તેમના માટે આટલા વર્ષોમાં પગલાં ભરી શકાયા નથી. ગાંધીનગર માટે એવું કહેવાય છે કે માલામાલ થવું હોય તો ગમે તેમ કરીને સરકારી પ્લોટના માલિક બની જાવ, પછી બજાર તમારા માટે રાહ જોઈને બેઠું છે....

**આદિવાસી લોકોને શ્વાન ઓછા કરડે છે...**

ગુજરાતમાં રસ્તે રખડતા શ્વાન માણસોને કરડવાનો શોખ ધરાવે છે. સર્વે કહે છે કે ૧૦૦૦?? વસતી ધરાવતા એક નાનકડા ગામમાં પણ રખડતાં કૂતરાંની સંખ્યા ૫૦ થી વધુ હોય છે. તેમાંય વળી અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત જેવા સિટીમાં તો કેટલા શ્વાન રસ્તામાં રખડતા જોવા મળતા હશે.. શ્વાન કરડવાના વધતા જતા કિસ્સાનો અંદાજ હડકવા વિરોધી રસીની ખરીદીમાં આવે છે. સરકાર જેટલી રસી ખરીદે છે તેનાથી વધુની જરૂરિયાત હોય છે, એટલે જ સરકારી હોસ્પિટલોમાં રસીનો સ્ટોક ખલાસ હોવાના પાટીયા મારવા પડતા હોય છે.

આરોગ્ય મંત્રાલયના આંકડા જોઈએ તો ૨૦૧૧-૧૨?? વર્ષમાં સરકારે ૧૩ કરોડની હડકવા વિરાધી રસી ખરીદી હતી. ત્યારપછીના વર્ષમાં સરકારે ૧૦ કરોડ અને તેના પછીના વર્ષમાં સરકારે ૧૧.૧૩ કરોડની રસી ખરીદી હતી. આમ જોઈએ તો છેલ્લા ત્રણ વર્ષમાં હડકવા વિરોધી રસી ખરીદવાનો ખર્ચ ૩૦.૦૫ કરોડ થયો છે. હવે હિસાબ લગાવો કે ત્રણ વર્ષમાં કેટલા લોકોને શ્વાન કરડ્યા હશે. વસતીની દ્રષ્ટિએ જોઈએ તો અમદાવાદમાં રસીની જરૂર વધારે પડી છે. અમદાવાદ પછી સુરત, રાજકોટ, ભાવનગર, વડોદરા અને જામનગરનો સમાવેશ થાય છે. શ્વાન કરડવાના સૌથી ઓછા કિસ્સા ડાંગ જિલ્લામાં બન્યા છે, ત્યારપછી દાહોદ, ભરૂચ, નર્મદા, વલસાડ, નવસારી અને તાપી જિલ્લા આવે છે. નોંધનીય બાબત એવી છે કે આદિવાસી વિસ્તારમાં હડકવા વિરોધી રસીની જરૂર ખૂબ ઓછી પડી છે...

**સોલાર સિટીં ૧૦૫ કરોડ પૈકી ૬૯ કરોડ વપરાયા...**

ગાંધીનગર શહેરને સોલાર સિટી તરીકેની ઓળખ તો આપી દેવામાં આવી છે પરંતુ શું હકીકતમાં સોલાર સિટી બન્યું છે ખરૂં...જવાબમાં નરો વા કુંજરો વા... જેવું છે. સરકારી તંત્ર કહ